તારાંકિત પ્રશ્ન                                                                 ક્રમાંકઃ પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1665

વિષયઃ

સિમેન્ટ ગેરરીતિ અન્વયે અધિકારી, કર્મચારીઓ સામે આરોપનામાની બજવણી

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 18/01/2024 | 09/02/2024 | 25/01/2024 |

*15/4/1665 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર(ચાણસ્મા)

જળસંપત્તિ અને પાણી પુરવઠા જણાવવા કૃપા કરશે કેઃ-

ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૦૯/૧૨/૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક - ૨૦૦૮૪ (અગ્રતા-૨૦૬)ના અનુસંધાને માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ઉપસચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના તા.૧૧મી ઓગસ્ટ-૨૦૦૯થી સુજલામ-સુફલામ યોજનામાં કરોડોની સિમેન્ટની ગેરરીતિ બાબતના પત્રથી કારણદર્શક નોટીસો પાઠવેલ તે અન્વયે ૩૩ આરોપીઓ સામે અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરીને કરવાની થતી તપાસ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) તપાસ પૂર્ણ થયેલ હોઈ તો ઉક્ત પૈકી કેટલા આરોપીઓ સામે શાં પગલાં લીધા ?

----